# અમદાવાદમાં પારસી ધર્મગુરુઓના ભવ્ય સન્માન સમારંભમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા

## અરીઝ ખંભાતા ટ્રસ્ટ સહિત પારસી સમાજના મહાનુભાવોના સામાજિક યોગદાનને મુખ્યમંત્રીએ બિરદાવ્યું

અમદાવાદ,

અમદાવાદમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં પારસી ધર્મગુરુઓનો ગૌરવપૂર્ણ સન્માન સમારંભ યોજાઈ ગયો. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના હસ્તે પારસી ધર્મગુરુઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે રાષ્ટ્રનિર્માણમાં પારસીઓનું મહામૂલું યોગદાન રહ્યું છે અને સખાવતનું બીજું નામ પારસી છે. મુખ્યમંત્રીશ્રીએ પારસી સમાજની સેવા અને સમર્પણની ભાવનાની સરાહના કરી હતી.

આ સન્માન સમારંભનું આયોજન અરીઝ ખંભાતા બનેવોલન્ટ ટ્રસ્ટ (AKBT) દ્વારા કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી પીરુઝ ખંભાતાએ જણાવ્યું હતું કે આ કાર્યક્રમ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકાસ ભી, વિરાસત ભી'ના મંત્રને સાકાર કરે છે. છદ્મ્ આરોગ્ય, શિક્ષણ અને સમાજ કલ્યાણના ક્ષેત્રોમાં વંચિત સમુદાયના ઉત્થાન માટે સમર્પિત છે અને ૐફ ગ્રસ્ત લોકોના કલ્યાણ માટે પણ નોંધપાત્ર કાર્ય કરે છે. આ પ્રસંગે ટ્રસ્ટે પારસી સમાજમાં ધાર્મિક શિક્ષણમાં આગળ વધતા યુવાનો માટે નવી શિષ્યવૃત્તિની જાહેરાત પણ કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ તકે પારસી સમાજના દિગ્ગજો જેવા કે મેડમ ભિખાઈજી કામા, હોમી ભાભા, તાતા, વાડિયા, ગોદરેજ પરિવારો, ફિલ્ડ માર્શલ સામ માણેકશા વગેરેના રાષ્ટ્ર નિર્માણના યોગદાનને યાદ કર્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે પારસી સમાજના પૂર્વજોએ ભારતમાં આવીને ભગવદ્ ગીતાનો 'સ્વધર્મ'નો સંદેશ આત્મસાત્ કર્યો છે અને તેઓ ગુજરાતના સામાજિક જીવનમાં દૂધમાં સાકરની જેમ ભળી ગયા છે.

બે દિવસીય કાર્યક્રમ અંતર્ગત સન્માન સમારંભ ઉપરાંત અન્ય વિવિધ આકર્ષણોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. નવી પેઢી તેમની પરંપરા અને સંસ્કૃતિ પ્રત્યે જાગૃત થાય તે હેતુથી નાટક, મ્યુઝિક અને કોમેડી જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાઈ રહ્યાં છે. આ સમારોહમાં દેશભરમાંથી પારસી સમાજના અગ્રણીઓ, વડા દસ્તુરજીઓ અને સામાજિક સંસ્થાઓના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# નલિયા સૌથી ઠંડુગાર, ૨૪ કલાકમાં તાપમાન ૪.૮ ડિગ્રી ગગડ્યું


## કંડલાનું તાપમાન ૭ ડિગ્રી વધી ૧૭.૫એ પહોંચ્યું

નલિયા,

રાજ્યમાં ૧૦ ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે નલિયા સૌથી ઠંડુ શહેર નોંધાયું છે. છેલ્લા ૨૪ કલાકમાં નલિયાના તાપમાનમાં ૪.૮ ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. જ્યારે ગઈકાલે ઠંડીગાર રહેલું કંડલા આજે ગરમ બન્યું છે. કંડલાના તાપમાનમાં ૭ ડિગ્રીનો વધારો નોંધાયો છે. એક દિવસમાં રાજ્યના અનેક શહેરોના લઘુત્તમ તાપમાનમાં ફેરફાર જોવા મળ્યો છે. રાજ્યમાં હાલ ઉત્તર પૂર્વથી પૂર્વના પવન ફૂંકાવાની સાથે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધુ નોંધાતા લઘુત્તમ તાપમાનમાં ૨થી ૪ ડિગ્રી સુધીનો વધારો તો કયાક બેથી ચાર ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. હજુ પણ આગામી ૭ દિવસ દરમિયાન અમદાવાદમાં લઘુતમ તાપમાન ૧૭ ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે. સાથે વહેલી સવારે અને મોડી રાતે ઠંડીનો ચમકારો અનુભવાય તેવી શક્યતા છે. ગઈકાલે અમદાવાદનું મહત્તમ તાપમાન ૩૧.૨ ડિગ્રી સેલ્સિયસ અને લઘુતમ તાપમાન ૧૬.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે ૬૮ ટકા તેમજ સાંજે ૪૬ ટકા જેટલું નોંધાયું હતું. તેની સાથે જ રાજ્યમાં સૌથી વધુ ઠંડી ૧૦ ડિગ્રી સેલ્સિયસ નલિયામાં નોંધાઈ હતી.

# ગીતા જયંતી મહોત્સવનું ભવ્ય આયોજન સફલ વિદ્યાલય ખાતે જિલ્લા સ્તરે ઉજવણી

## ગીતા ઉપદેશનો સંદેશ: સ્કૂલ વિદ્યાર્થીઓથી ઈસ્કોન યુથ સુધી સૌની ઉર્જાસભર ભાગીદારી



ગાંધીનગર,

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગરના નેતૃત્વ હેઠળ સંસ્કૃત ભાષાના સંવર્ધન અને પ્રચાર-પ્રસાર માટે વિવિધ યોજનાઓ ચાલી રહી છે. તે અંતર્ગત શ્રીમદ્ ભગવદ્ ગીતા યોજનાના ભાગરૂપે આજે ગીતા જયંતી નિમિતે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, ગાંધીનગર અને સંસ્કૃત બોર્ડના સંયુક્ત ઉપક્રમે "ગીતા જયંતી મહોત્સવની જિલ્લા કક્ષાની ઉજવણી" સફલ વિદ્યાલય, ગાંધીનગર ખાતે સવારે ૦૯:૦૦ થી ૧૧:૩૦ કલાક દરમિયાન ભવ્ય રીતે યોજાઈ.

સર્જન નૃત્યાલય, ગાંધીનગરના નૃત્ય નિર્દેશક મિતિ ભટ્ટના માર્ગદર્શન હેઠળ સંયમી શાહ, આયુષી પટેલ, સૌમ્યા પ્રભાકર અને કૃષ્ણાંગી ચતુર્વેદીએ ગીતાનો ઉપદેશ દર્શાવતું આકર્ષક ભરતનાટ્યમ રજુ કર્યું. ઈસ્કોન યુથ ગ્રુપના સભ્યોએ સોશિયલ મીડિયાના પ્રભાવથી ભટકાતા યુવાધનને ગીતાના તાત્વિક માર્ગદર્શન દ્વારા જીવનમૂલ્યો સમજાવતું પ્રેરણાદાયી સ્કીટ રજૂ કરી સૌનું મન જીતી લીધું.

કાર્યક્રમ દરમિયાન અતિથિઓએ ગીતાના શાશ્વત જ્ઞાન, જીવનમાં તેની ઉપયોગિતા અને આધ્યાત્મિક મૂલ્યો વિષે પોતાના વિચારો વ્યક્ત કરતા પ્રેરક પ્રવચનો આપ્યા. ગાંધીનગર જિલ્લાના વાવોળ સ્થિત સંસ્કૃત પાઠશાળાના ઋષિ કુમારોએ ગીતાજીના અધ્યાય ૧૫નું સુંદર પઠન કર્યું. તેમજ ગીતાંશ કંઠપાઠ સ્પર્ધામાં ભાગ લેનાર સફલ વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ પંડ્યા દેવાંશી અને જયતિએ અધ્યાય ૧૨નું પઠન કરી સૌનું મન મૂકી દીધું.

આ કાર્યક્રમમાં પાઠ્યપુસ્તક મંડળના અધ્યક્ષશ્રી મનુભાઈ પાવરા વિશિષ્ટ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, ચિલ્ડ્રન યુનિવર્સિટીના પ્રાધ્યાપક જય ઓઝાશ્રી, ટ્રસ્ટીશ્રી સફલ વિદ્યાલય તથા ઈસ્કોન ગ્રુપ, સેક્ટર ૨૫ના વ્યાસ મુની દાસ અને ગોપીનાથ રસ દાસ તેમની ટીમ સાથે ઉપસ્થિત રહ્યા.

# કોંગ્રેસના ડ્રગ્સ-દારૂના વિરોધ વચ્ચે એક કરોડથી વધુનો વિદેશી દારૂ ઝડપાયો

## ઘેટાં-બકરાંનાં ઊનની આડમાં ચંદીગઢથી ગુજરાતમાં ઘુસાડાતો હતો, અમદાવાદના SP રિંગ રોડ પરથી SMCએ કન્ટેનર ઝડપ્યું

અમદાવાદ,

કોંગ્રેસના ડ્રગ્સ અને દારૂના વિવાદ વચ્ચે વિદેશી દારૂની હેરાફેરીના વધુ એક મોટા કિસ્સાનો પર્દાફાશ થયો છે. સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમે અમદાવાદના એસપી રિંગ રોડ પર આવેલા સરખેજ-બાકરોલ ટોલપ્લાઝા નજીકથી વિદેશી દારૂનો વિશાળ જથ્થો ઝડપી પાડ્યો છે. ઘેટાં-બકરાના ઊન (વુલ)ની આડમાં સંતાડીને ચંદીગઢથી ગુજરાતમાં ઘૂસાડવામાં આવતો ૧.૨૦ કરોડથી વધુની કિંમતનો દારૂનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, દારૂ-જુગારથી કમાતા હોય તેવા પોલીસ કર્મચારીઓના પટ્ટા ઉતરી જવાને લઈ કોંગ્રેસના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ કરેલા નિવેદનને લઈ છેલ્લા કેટલાક દિવસથી વિવાદ છેડાયો છે. ત્યારે દારૂ-જુગારની લડતને આગળ લઈ જવા માટે કોંગ્રેસે આગામી સમયમાં હેલ્પલાઈન નંબર જાહેર કરવાની જાહેરાત કરી છે. હવે જોવાનું રહ્યું કોંગ્રેસ આ મુદ્દે શું કરે છે.

કોંગ્રેસે ગત ૨૨ નવેમ્બરથી વાવ-થરાદ જિલ્લાના ઢીમા ગામથી જનઆક્રોશ રેલીની શરૂઆત કરી છે. આ દરમિયાન થરાદના શિવનગર ખાતે દારૂના દૂષણને લઈ જિજ્ઞેશ મેવાણી લોકો સાથે થરાદ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને થરાદ એસ.પી. સહિતના પોલીસ સ્ટાફને પોલીસના પટ્ટા ઉતારી દેવાની વાત કરી હતી. એમાં તેમણે જણાવ્યું હતું કે, બધા પોલીસવાળા ધ્યાન રાખી લેજો. પટ્ટા તમારા છે, તમારા ઉતરશે મારા નહીં. આ વડગામનો ધારાસભ્ય કહી રહ્યો છે. હું પાછળ પડીશ એટલે છોતરા કાઢી નાંખીશ. તમે કહો તો ૨૪ કલાકમાં વર્તમાન અને ભૂતકાળના તમામ વહીવટદારોનાં નામ સાથેનું લિસ્ટ આપીશ. દારૂનો આ જથ્થો ચંદીગઢની જન્નત બેવરેજીસ (Zannat Beverages Pvt. Ltd.) અને ઍમ્પાયર અલ્કોબ્રેવ (Empire Alcobrev Pvt. Ltd.) નામની ડિસ્ટિલરીઝમાં તૈયાર કરવામાં આવ્યો હતો અને તે ફક્ત યુ.ટી. ચંદીગઢમાં વેચાણ માટે જ માન્ય હતો.

આ રેડ દરમિયાન એકપણ આરોપી સ્થળ પરથી પકડાયો ન હતો. પોલીસે ટ્રકના ડ્રાઈવર સહિત કુલ ૬ વ્યક્તિને વોન્ટેડ જાહેર કર્યા છે, જેમની શોધખોળ શરૂ કરવામાં આવી છે: જેમા, ટ્રકનો ડ્રાઈવર (ઈન્ન ૦૨ ય્ર ૨૮૨૧), ટ્રકનો માલિક, ફાસ્ટેગ હોલ્ડર, ચંદીગઢથી IMFL સપ્લાઈ કરનાર અજાણ્યો વ્યક્તિ, ગુજરાતમાં IMFL મંગાવનાર અજાણ્યો વ્યક્તિ અને નકલી ટ્રાન્સપોર્ટ બિલ્ટી બનાવનાર અજાણ્યો વ્યક્તિ જે તમામને વોન્ટેડ જાહેર કર્યા. પોલીસે આ ૬ વોન્ટેડ આરોપી સામે પ્રોહિબિશન એક્ટની કલમ 65(A)(E), ૮૧, ૮૩, ૯૮(૨), 116(B) અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૩૩૬(૨), ૩૩૬(૩), ૬૧(૨) હેઠળ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. આ કરોડો રૂપિયાના દારૂના નેટવર્કના મૂળ સુધી પહોંચવા માટે પોલીસ પ્રયાસ કરી રહી છે.

# 6 IPS અધિકારીને પ્રમોશન 9 IPSનું ASP તરીકે પોસ્ટિંગ

ગાંધીનગર,

ગુજરાત કેડરના 6 IPS ઓફિસરને બઢતીની જાહેરાત કરવામાં આવી છે, જેમાં બે અધિકારીને ડીજીપી તરીકે અને ચાર અધિકારી ડીઆઈજી તરીકે બઢતી આપવામાં આવી છે. જ્યારે ૨૦૨૨-૨૦૨૩ બેચના IPS ઓફિસરોની ફેઝ-૨ની તાલીમ પૂર્ણ થયા બાદ રાજ્ય પોલીસ ફોર્સમાં હાજર થતાં તેમને રાજ્યના અલગ અલગ પોલીસ સ્ટેશમાં નિમણૂક આપવામાં આવી છે.

૧૯૯૪ બેચના IPS અધિકારી મનોજ શશિધર હાલ કેન્દ્રમાં ડેપ્યુટેશન પર છે અને સીબીઆઈના સ્પેશિયલ ડાયરેક્ટર તરીકે કાર્યરત છે, જેમને ડીજીપી તરીકે બઢતી આપવામાં આવી છે. ૧૯૯૫ બેચના IPS અધિકારી રાજુ ભાર્ગવ હાલ ગાંધીનગર આર્મ્ડ યુનિટમાં એડિશનલ ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ તરીકે કાર્યરત છે. તેમને ડીજીપી તરીકે બઢતી આપવામાં આવી છે. ૨૦૦૭ બેચના IPS અધિકારી દિવ્ય મિશ્રા હાલ કેન્દ્રમાં ડેપ્યુટેશન પર છે અને આઈબીમાં એડિશનર ડેપ્યુટી ડાયરેક્ટર તરીકે કાર્યરત છે. તેમને IGP તરીકે બઢતી આપવામાં આવી છે. ૨૦૦૭ બેચના IPS અધિકારી ભદ્રન પણ હાલ કેન્દ્રમાં ડેપ્યુટેશન પર છે. તેમને IGP તરીકે બઢતી આપવામાં આવી છે. ૨૦૦૭ બેચના IPS અધિકારી સૌરંભ તોલંબિયા પણ હાલ કેન્દ્રમાં ડેપ્યુટેશન પર છે. GAILમાં સિક્યોરિટી એડવાઈઝર તરીકે કાર્યરત છે. તેમને IGP તરીકે બઢતી આપવામાં આવી છે. ૨૦૦૭ બેચના IPS પી.વી. રાઠોડ ગાંધીનગર સીઆઈડી ક્રાઈમમાં ડેપ્યુટીૈ ્ તરીકે કાર્યરત છે. તેમને પણ IGP તરીકે બઢતી આપવામાં આવી છે.

ગુજરાત કેડરના વર્ષ ૨૦૨૨-૨૩ બેચના IPS અધિકારીઓની ફેઝ-૨ની હૈદ્રાબાદ પોલીસ અકાદમીમાં તાલીમ પૂર્ણ થતાં રાજ્ય પોલીસ દળમાં હાજર થયા છે. તેમને રાજ્યનાં અલગ અલગ પોલીસ સ્ટેશનમાં પોસ્ટિંગ આપવામાં આવ્યું છે. તેમનાં નામની યાદી નીચે મુજબ છે.

# મેલબોર્નની માફક અમદાવાદ કૉમનવેલ્થનું શૂન્ય ભ્રષ્ટાચાર મોડેલ બનશે

અમદાવાદ,

અમદાવાદ કોમનવેલ્થ ગેમ્સ પર 'દિલ્હી જેવું કલંક' ન લાગે, તે માટે ગુજરાત સરકારે મલ્ટી લેયર સિક્યુરિટી સિસ્ટમ બનાવવા પર કામ શરૂ કરી દીધું છે. આ સિસ્ટમ સમગ્ર આયોજન દરમિયાન કોઈપણ પ્રકારના ગેરવહીવટ, બેદરકારી, ખોટા ટેન્ડર અથવા ભ્રષ્ટાચારને નિયંત્રિત કરશે. આ જ ઉદ્દેશ્ય સાથે 'ઝીરો પ્રોફિટ-ફુલ ટ્રાન્સપરન્સી' મોડેલ લાગુ કરવામાં આવશે.

આ મોડેલ મૂળરૂપે ૨૦૦૬માં મેલબોર્ન કોમનવેલ્થ ગેમ્સમાં અપનાવાયું હતું, જેના કારણે ત્યાં ઝીરો ભ્રષ્ટાચાર સાથે રમતોનું આયોજન થયું હતું. હવે ગુજરાતમાં આયોજન કરાવનારી કમિટીને નોટ ફોર પ્રોફિટના રૂપમાં તૈયાર કરવામાં આવશે. કમિટીમાં સરકારી અધિકારીઓ-નેતાઓની સંખ્યા સીમિત રાખીને પ્રોફેશનલ્સ, એક્સપર્ટ્સ, કોર્પોરેટ્સ, ઈન્ડિયન ઓલિમ્પિક, પેરાલિમ્પિક એસો.ના અધિકારી અને એથ્લેટ્સની સંખ્યા વધારવામાં આવશે. સાથોસાથ CAG દ્વારા નોમિનેટ કરાયેલ વ્યક્તિને પણ રાખવામાં આવશે. ડિસેમ્બરના અંત સુધીમાં આ કમિટી તૈયાર થઈ જશે.

સરકારનો લક્ષ્ય છે કે કોઈ પણ સિંગલ મોટો કોન્ટ્રાક્ટ ૫૦૦ કરોડ રૂપિયાથી વધુનો ન હોવો જોઈએ. આવું એટલા માટે કે મોટા કોન્ટ્રાક્ટ્સમાં ભ્રષ્ટાચારનો ખતરો પણ વધારે રહે છે.

# ગિફ્ટ સિટીમાં IFSC ઈન્શ્યોરન્સ ઓફિસ સ્થાપવા વિદેશી કંપનીઓની ઈચ્છા

## સાઉદી રી, કુવૈત રી અને ADNIC સહિતની નવ કંપનીઓ આગળ આવી

ગાંધીનગર,

ગાંધીનગરમાં ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી (GIFT સિટી) ભારતના પ્રથમ આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્ર (IFSC) તરીકે વીમા ક્ષેત્રે દાયકાનો સૌથી મોટો વિકાસ નોંધાવી રહ્યું છે. સાઉદી રી, કુવૈત રી અને અબુ ધાબી નેશનલ ઈન્શ્યોરન્સ કંપની (ADNIC) સહિત કુલ નવ વિદેશી કંપનીએ ૈંહ્લ સિટીમાં તેમના IFSC ઈન્શ્યોરન્સ ઓફિસ (IIO) સ્થાપવાની ઈચ્છા વ્યક્ત કરી છે. આ માટે ખાસ નીતિ માળખું પણ સરકાર દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. આ પગલાથી નવા રોકાણ, રોજગારનાં અવસરો અને નાણાકીય સેવાઓના ઈકોસિસ્ટમને વધુ મજબૂતી મળશે એવી શક્યતા છે. ગયા મહિને કોરિયન રીને ગિફ્ટ સિટીમાં IIO સ્થાપવાની મંજૂરી મળી હતી. કંપની એપ્રિલ, ૨૦૨૬થી કામગીરી શરૂ કરશે. છેલ્લાં વર્ષોમાં GIFT સિટીને વિસ્તૃત કરવાની યોજના વારંવાર ચર્ચામાં આવી છે. શરૂઆતમાં ૧,૦૬૫ એકર વિસ્તારમાં આયોજન થયેલી સિટીને બાદમાં ૩,૩૬૫ એકર સુધી વિસ્તૃત કરવાની રજૂઆત થઈ હતી, પરંતુ જમીન અધિગ્રહણની અડચણોથી પ્રક્રિયા અટકી ગઈ. સૂત્રોના જણાવ્યા મુજબ, સરકારે હવે વિસ્તરણની શક્યતાઓનું ફરી મૂલ્યાંકન શરૂ કર્યું છે. હાલ ૈંહ્લ સિટી ૧,૦૬૫ એકરમાં ફેલાયેલ છે. તેમાં ૭૪૧ એકર GIFT City Company Ltd.ની માલિકીની છે, જ્યારે બાકી ખાનગી જમીન છે. અત્યાર સુધીમાં આશરે ૫૦% જમીન ટેન્ડર દ્વારા ફાળવી દેવામાં આવી છે. વધતી માંગને કારણે ૨૦૨૮ સુધી ઉપલબ્ધ જમીન પૂરી ફાળવાઈ જશે.

હાલ GIFT સિટીમાં: ૧,૦૩૪ એન્ટિટીઝ કાર્યરત, ૨૭,૦૦૦થી વધુ કર્મચારીઓ, ૨૫ પૂર્ણ અને ૪૭ નિર્માણાધીન ઈમારતો, GIFT સિટીની કલ્પના કેવી રીતે ઉભી થઈ: ગુજરાતની રાજધાની નજીક વૈશ્વિક સ્તરની ફાઈનાન્સ અને ટેક સિટી ઊભી કરવાની કલ્પના નરેન્દ્ર મોદી દ્વારા (તત્કાલિન ગુજરાતના મુખ્યમંત્રી) કરવામાં આવી હતી.

# સચિન GIDCમાં બરફની ફેક્ટરી પાસે એક મકાનમાં દુર્ઘટના, ૪ લોકો દાઝી જતા હોસ્પિટલમાં ખસેડાયા

સુરત,

સુરતમાં ઔદ્યોગિક વિસ્તાર સચિન GIDC નજીક આવેલી ગુરુકૃપા સોસાયટીમાં આજે(૨ ડિસેમ્બર) સવારે એક ગંભીર દુર્ઘટના સર્જાઈ છે. બરફની ફેક્ટરી પાસેના રહેણાંક વિસ્તારમાં એક મકાનમાં ગેસ સિલિન્ડર લીકેજ બાદ અચાનક ફ્લેશ ફાયરની ઘટના બની હતી. આ ઘટનામાં બે યુવતીઓ, એક મહિલા અને એક પુરુષ સહિત કુલ ચાર લોકો ગંભીર રીતે દાઝી જતાં ઈજાગ્રસ્ત થયા છે. પ્રાથમિક અહેવાલ મુજબ, દાઝી ગયેલા ચાર લોકોમાંથી એક વ્યક્તિની હાલત અત્યંત ગંભીર જણાવાઈ રહી છે. હાલ તમામ ઈજાગ્રસ્તોને સિવિલ હોસ્પિટલમાં સઘન સારવાર આપવામાં આવી રહી છે. પ્રાથમિક માહિતી મુજબ, ગુરુકૃપા સોસાયટીમાં આવેલા એક ઘરમાં ગેસ સિલિન્ડર લીકેજના કારણોસર ફ્લેશ ફાયર થયું હતું. આગ લાગવાની આ ઘટના એટલી ઝડપી બની હતી કે ઘરના સભ્યોને બહાર નીકળવાનો પૂરતો સમય મળ્યો નહોતો, જેના કારણે ચાર લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા. અચાનક બનેલા આ બનાવના પગલે સોસાયટીમાં ભાગદોડ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતા જ સ્થાનિક લોકો તુરંત મદદ માટે દોડી આવ્યા હતા. તેમણે દાઝેલા લોકોને બહાર કાઢ્યા અને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સારવાર અર્થે નવી સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા. બનાવના પગલે ફાયર વિભાગની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી હતી અને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. આગ કયા કારણોસર લાગી તે અંગે તપાસ શરૂ કરાઈ છે.

# ૨૦૨૫ની મતદાર યાદીમાં રહેલા ૫ કરોડથી વધુ મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ પૂર્ણ

## દાહોદના લીમખેડા અને બનાસકાંઠાના ધાનેરા વિધાનસભા મતવિસ્તારમાં ૧૦૦% ડિજીટાઈઝેશન સંપન્ન



દાહોદ,

સમગ્ર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશમાં ગણતરીનો તબક્કો ૧૧મી ડિસેમ્બર સુધી ચાલવાનો છે. ભારતના ચૂંટણીપંચના માર્ગદર્શનમાં તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી હારીત શુક્લાની આગેવાનીમાં CEO કચેરી(Chief electoral office)ની સમગ્ર ટીમ તમામ જિલ્લાઓના ચૂંટણી અધિકારીશ્રી અને સ્ટાફ સાથે સંકલન સાધીને સમગ્ર પ્રક્રિયાને વેગવાન બનાવવા કાર્યરત છે.

૨૦૨૫ની મતદાર યાદીમાં નોંધાયેલા ૫ કરોડથી વધુ મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ કરી દેવામાં આવ્યું છે. રાજ્યના ૩૩ જિલ્લાઓ પૈકી મોટાભાગના જિલ્લાઓમાં ૧૦૦% ફોર્મ વિતરણ સંપન્ન થયું છે. જ્યારે અમુક જિલ્લાઓમાં ૧૦૦% વિતરણનું લક્ષ્ય હાંસલ થવામાં છે. આ ફોર્મ પૈકી પરત મળેલા ફોર્મને ડિજીટાઈઝેશનની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. જે પૈકી બે વિધાનસભા મતવિસ્તારમાં ડિજીટાઈઝેશનની કામગીરી ૧૦૦ % પુરી થઈ ચુકી છે. જેમાં બનાસકાંઠાની ધાનેરા બેઠક અને દાહોદની લીમખેડા બેઠકનો સમાવેશ થાય છે.

આ કામગીરીમાં ૯૩.૧૪ % ગણતરી ફોર્મના ડિજીટાઈઝેશન સાથે ડાંગ જિલ્લો મોખરે છે. જ્યારે અન્ય જિલ્લાઓમાં પણ કામગીરી પ્રગતિમાં છે.

ગણતરી દરમિયાન રાજ્યભર્રમાં ૧૫.૫૮ લાખથી વધુ અવસાન પામેલ મતદારો મતદાર યાદીમાં સામેલ હતા. જ્યારે ૪ લાખથી વધુ મતદારો તેમના સરનામે ગેરહાજર જોવા મળ્યા, સાથોસાથ ૨૧.૮૬ લાખથી વધુ મતદારો કાયમી સ્થળાંતરિત થઈ ચૂક્યા હોવાનું ધ્યાને આવ્યું છે. તદુપરાંત ૨.૬૮ લાખથી વધુ મતદારો રિપીટેડ હોવાનું ધ્યાનમાં આવ્યુંછે.

# ગાંધી-સરદારની ભૂમિના યુવાઓનું ભવિષ્ય ડ્રગ્સ અને અપરાધની દુનિયામાં ધકેલાઈ રહ્યું છે: રાહુલ ગાંધી

અમદાવાદ,

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર કરેલી પોસ્ટથી ગુજરાતની રાજનીતિમાં ગરમાવો આવ્યો છે. રાહુલ ગાંધીએ પોતાની પોસ્ટમાં ગુજરાતની દારૂ નીતિ, ડ્રગ્સના વધતા વેપાર, ગુનાખોરી અને ખેડૂતોના પ્રશ્નોને આકરા પ્રહાર સાથે ઉઠાવ્યા છે.

રાહુલ ગાંધીએ ભારપૂર્વક જણાવ્યું છે કે કોંગ્રેસની 'જન આક્રોશ યાત્રા' દરમિયાન ગુજરાતની મહિલાઓ દારૂ અને રાજ્યમાં વ્યાપક બની રહેલી ગુનાખોરી અંગે પોતાનો અવાજ ઉઠાવી રહી છે. ગાંધી અને સરદારની ભૂમિ ગણાતા ગુજરાતના યુવાઓનું ભવિષ્ય ડ્રગ્સ અને અપરાધની અંધારી દુનિયામાં ધકેલાઈ રહ્યું છે. મહિલાઓ રસ્તાઓ પર આવીને વિરોધ કરી રહી છે, કારણ કે અપરાધીઓને કથિત રીતે સત્તાનું સંરક્ષણ મળી રહ્યું છે."

રાહુલ ગાંધીએ સીધો સવાલ ઉઠાવ્યો છે કે, "ભાજપના એ કયા મંત્રી છે, જેમના સંરક્ષણમાં આ બધું ચાલી રહ્યું છે?" અને સાથે જ પ્રશ્ન કર્યો છે કે, "ગુજરાત પૂછી રહ્યું છે કે રાજયના ગદ્દારોને કેમ બચાવવામાં આવે છે?"

ડ્રગ્સ અને ગુનાખોરીના મુદ્દાની સાથે રાહુલ ગાંધીએ ખેડૂતોની બરબાદીનો મુદ્દો પણ જોરશોરથી ઉઠાવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે ગુજરાતના ખેડૂતોની ખેતી અતિવૃષ્ટિ અને પૂર જેવી કુદરતી આફતોથી બરબાદ થઈ છે.